૮/૧/૨૦૧૫

## 1. ગુણવંતભાઇ દેસાઇ

❖ ભારતીય ક્રિકેટ ટીમનાં ભૂતપૂર્વ બોલર ગુણવંતભાઇ દેસાઇનું અવસાન.(૭૪ વર્ષ)

❖ તેઓ વર્ષ ૧૯૬૮ થી ૧૯૭૫ સુધી ભારતીય ક્રિકેટ ટીમ તરફથી રમ્યા હતાં

❖ તેઓ વલસાડ તાલુકાના પારનેરા-પારડી ગામનાં વતની હતાં.

## 2.ગુયાના(આફ્રિકન દેશ)ના રાષ્ટ્રપ્રમુખ:ડોનાલ્ડ રામોતર.

- પ્રવાસી ભારતીય દિવસ (PBD)માં હાજર ગુજરાતની મુલાકાતે.

## 3. બી.એડ.અને એમ.એડ.ના કોર્ષ બે વર્ષના

❖ આગામી શૈક્ષણિક વર્ષથી કે સરકારે રાજ્યોના શિક્ષણ પ્રધાનોને મહત્વના ફેરફાર તૈયાર કરવા જણાવ્યું હતું.

❖ તેમા બી.એડ. અને એમ.એડ.ના કોર્ષનો સમયગાળો હાલ એક વર્ષ છે તે વધારી બે વર્ષ કરવાનો અને શિક્ષણ તરીકે પાત્ર કરવા માટે ૨૦ અઠવાડીયાની ઇન્ટર્નશિપ ફરજીયાત બનાવવાનો સમાવેશ થાય છે.

## 4.કૈલાસ સત્યાર્થી : નોબેલ પારીતોષીક વિજેતા.

❖ કૈલાસ સત્યાર્થીએ પોતાનું નોબેલ મેડલ રાષ્ટ્રને અર્પણ કરી રાષ્ટ્રપતિ પ્રણવમુખરજીને સોંપી દિધું.

❖ હવે ૧૮ કેરેટ ગોલ્ડનું ૧૯૬ ગ્રામનું આ મેડલ રાષ્ટ્રપતિભવન મ્યુઝિયમમાં મુકવામાં આવશે.

❖ વર્ષ ૨૦૧૪ નું શાંતિનું નોબેલ પ્રાઇઝ ભારતીય કૈલાસ સત્યાર્થી તથા પાકિસ્તાનના મલાલા યુસુફઝઇને સંયુકત રીતે મળ્યું હતું.

## 5.ડૉ. એન.વી.વસાણી

❖ અગ્રણી શિક્ષણશાસ્ત્રી એન.વી.વસાણીનું અવસાન.

❖ તેઓ ગુજરાત યુનિર્વસીટીના ભુતપૂર્વકુલપતિ અને નિરમા યુનિર્વસીટીના સ્થાપક ચાન્સેલર હતાં.

## 6.સ્ટિવ સ્મિથ : ઓસ્ટ્રેલિયન ક્રિકેટર.

❖ ઓસ્ટ્રેલિયાન ક્રિકેટ સુકાની સ્ટિવ સ્મિથે એક જ શ્રેણી(ટેસ્ટ) માં સતત ચાર સદી નોંધાવવાનાર મહાન બેટ્સમેન સર ડોન બ્રેડમેન અને આફ્રિકન ઓલરાઉન્ડર જેક કાલિસની બરોબરી કરી.

❖ આ સિધ્ધિ મળવનાર વિશ્વનો ત્રીજો ખેલાડી બન્યો.

❖ ભારત સામે ચોથી અને અંતિમ મેચમાં આ રેકોર્ડ નોંધાવ્યો હતો.

❖ સુકાની તરીકે આ તેની પ્રથમ શ્રેણી હતી .